ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પ્રચારના ચેપમાં હવે 'કોરોના' રોગ થાય છે!
રોજ કમાઈ ખાતાના હાલ, જોવા જોગ થાય છે
ફોગ થાય છે શિસ્તબદ્ધ જનતાની જહેમત -
નેતાઓની નાગાઈનો, ગરીબો ભોગ થાય છે!
(ગાઈડલાઈનનું ગાંડુ ઉલ્લંઘન)

### હાઈકુ

ખાય ભીમ ને,
મતદારને ઝાડા -
કોરોના ચેપ!
(ગાજે લોકડાઉન!)

રાખશે દૂરી
ને ધોઈ નાખો હાથ -
ચૂંટેલા સભ્યો...
(કાઉન્સીલરો કોરન્ટાઈનમાં)

### ચિંતન

તીક્ષણીયાંસ પરશોરગ્નેસ્તીક્ષ્ણતરા ઉત ।
ઈન્દ્રસ્ય વજાત તીશ્રણીયાં સો યેષામસ્મિ પુરોહિત : ॥

ઉપરોક્ત પુરોહિત અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

અમે પુરોહિત અમારા યજમાનોને ક્રિયાંશીલ, તેજસ્વી, પરોપકારી અને શક્તિશાળી બનાવી રાખીશું. અમે તેમને કયારેય અધોગામી થવા દઈશું નહીં.

બ્રાહ્મણોનું કર્તવ્ય છે કે તેઓ સમાજના પ્રત્યેક માણસમાં ભક્તિભાવના જાગૃત કરે. ભક્તિનું તાત્પર્ય ફક્ત પૂજાપાઠનો બાહ્યચાર નથી, પણ સંસારના કણેકણમાં, રોમેરોમમાં ઈશ્વરીય સત્તાની હાજરીનો દંઢ વિશ્વાસ જાગૃત કરવાનું છે. આ મહત્ત્વપૂર્ણ તત્ત્વજ્ઞાનને જાણી તથા સમજીને પોતાના આચરણમાં ઉતારવાથી સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ થાય છે.

જો બ્રાહ્મણ જ પતિત થઈ જાય તો તે બીજાની ઉન્નતિ કેવી રીતે કરી શકશે ? સાચો બ્રાહ્મણ જ બ્રાહ્મણત્વના આ પતનને રોકી શકશે.

### સુવિચાર

- યોગ્ય નિર્ણય કરી શકવાની શક્તિ એટલે જ શુદ્ધ વિવેક - **કેદારનાથ કુલકર્ણી**
- તમે સુખી થવા ઈચ્છતા હો તો તમારે સદ્ગુણી થવું પડે, સદ્ગુણી એટલે બીજાના સુખદુ:ખનો વિચાર કરવો - **જીવન પાથેય**
- સમય આપને થપ્પડ મારીને શાણા બનાવે એ પહેલાં જ તમે જાતે શાણા બની જાઓ તો સારું!! - **ચિત્રલેખા**
- 'મનની શુદ્ધિ જ ધર્મના પ્રાણ છે, તન-મન નિર્મલ હોય તો અહીં જ વૃંદાવન છે, મન વૃંદાવન, તન વૃંદાવન' - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ક્રિયા વસ્તુને સિદ્ધ કરે તેને કર્મ કહેવાય છે અને જે ક્રિયા હૃદયને શુદ્ધ કરે તેને ધર્મ કહેવાય છે - **મોરારિ બાપુ**
- ધરતીનો ધર્મ છે ફરવું, વાયુનો ધર્મ છે વહેવું, તે જ રીતે ધર્મનો સ્વભાવ છે સત્ય - **નારાયણ સ્વામિ**
- આજનું ઔષધ : ચંદનની પેસ્ટમાં લીંબુ રસ અને કપૂર મેળવી ખંજવાળની જગ્યાએ લગાડવાથી તરત રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માનવતાવાદી ઉર્દૂ શાયર જીગર મુરાદાબાદી રાત્રે એક મિત્ર સાથે ઘોડાગાડીમાં બેસીને કયાંક થઈ રહ્યા હતા. આ ઘોડાગાડીની એક બેઠક પર એક અજાણ્યો ઉતારું બેઠો હતો. એ ઉતારું જગર સાહેબની સામે જોઈને કંઈ અસ્વસ્થતા અનુભવતો હતો. વારેવારે તે ઉતારુ જીગર સાહેબ સોમ જોઈને કંઈક શરમ અનુભવી રહ્યો હતો. તેને ઉતરવાનું સ્થળ આવ્યું અને તે ઉતરીને ઝડપથી અદશ્ય થયો. મિત્ર એ ઉતારુંનું વર્તન જોયું હતું. તેમણે જિજ્ઞાસાથી શાયર સાહેબને પૂછ્યું, 'મને સમજાયું નહીં કે આ ઉતારું તમને જોઈને આટલો બેચેન કેમ હતો ? અને વારેવારે એ તમારી સામે કેમ જોયા કરતો હતો?'

જીગર સાહેબે કહ્યું, 'પંદરેક દિવસ પહેલાં હું આવી રીતે ઘોડાગાડીમાં ઘરે જતો હતો ત્યારે આ માણસે મારું પાકીટ તફડાવી લીધું હતું. મને ખ્યાલ આવી ગયો હતો. એટલે હું એની સામે જોવાનું ટાળતો હતો. પણ તે મને જોઈને ખૂબ અસ્વસ્થ હતો.' મિત્રએ કહ્યું, 'અરે ભલા માણસ આજે તો બરાબર મોકો હતો. આપણે બંને એ થઈને એને મેથીપાક ચખાડ્યો હોત. સાવ ભોળાને ભોળા જ રહ્યા.' જીગર સાહેબે કહ્યું, 'ના, ભાઈ, મારે એની ફજેતી કરવી નહોતી. તેની ફજેતી કરીને ત્રાસ આપીને આપણી માનવતા કયાં રહી? લોકો મને માનવતાવાદી શાયર માને છે. તમે જ કહો. મારાથી લોકોનો દ્રોહ કઈ રીતે કરી શકાય?' મિત્ર તો આ માનવતાવાદી શાયરને માનની નજરે જોઈ રહ્યો.

# સાહિત્યની સ્મૃતિ ચિરંજીવ બનાવીએ

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીનગરના મુખ્ય સ્ટેશન પાસેના 'ઘ' રોડ ઉપરના સર્કલને ઘ-૩ સર્કલ અથવા પશ્રિકાશ્રમ સર્કલ નામે જ ઓળખતા નાગરિકોને ભાગ્યે જ ખબર હશે કે એનું ખરું નામ તો ઝવેરચંદ મેઘાણી સર્કલ છે. સમસ્ત 'ઘ' રોડનું નામ પૂજ્ય રવિશંકર મહારાજ માર્ગ છે. આપણી પ્રજા મોટા ગજાના લોકસેવકો કે સાહિત્યકારો પ્રત્યે હંમેશા ઉદાસીન રહેવા ટેવાયેલી છે. સામાન્ય ગુજરાતી નાગરિક ગોવર્ધનરામ, મુનશી, પન્નાલાલ, ઉમાશંકર કે સુન્દરમ્ ઓળખતો નથી તે આપણી પ્રજાની મોટી વિડંબના છે. પ્રજાની આ મર્યાદા ઓળંગીને સરકાર જો રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન-કવન સાથે સંકળાયેલાં સ્થળોના જીણોદ્ધાર અને વિકાસ પાછળ બજેટને નાનકડો હિસ્સો પણ વાપરવા વિચારી રહી હોય તો એ ખરેખર સ્તુત્ય પગલું લેખાશે. ગાંધીનગરના રાજમાર્ગો પર કયાંક હેમચંદ્રાચાર્ય સર્કલ પણ છે. પરંતુ જયાં સુધી મેઘાણી સર્કલ કે હેમચંદ્રાચાર્ય સર્કલ પર દિવંગત કવિ-મનીષીઓનાં બાવલાં નથી મુકાયાં અને એમનાં વિશેની ટૂંકી જીવન ઝરમર નથી આલેખાઈ ત્યાં સુધી ફક્ત નેમ પ્લેટ મૂકી દેવાનો કોઈ અર્થ નથી. મહાત્મા ગાંધી, સરદાર પટેલ કે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાઓનો ગુજરાત અને દેશ આખામાં ગંજ ખડકાયો છે. હેમચંદ્રાચાર્ય, નરસિંહ મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી કે ઝવેરચંદ મેઘાણી આ ત્રણેય મહાપુરુષોથી કોઈ પણ માપદંડથી માપતાં ઊતરતાં ન ગણાવા જોઈએ. પરંતુ આપણો ઈતિહાસ રાજા-મહારાજાઓ અને નેતાઓને આપે છે એટલું મહત્ત્વ સંતો અને સર્જકો કે વૈજ્ઞાનિકોને નથી આપતો. ઈંગ્લેન્ડમાં શૅક્સપિયરનું મૂળ ઘર, એની તમામ ચીજવસ્તુઓ સહિત હેરિટેજ આઈટમ તરીકે સચવાયું છે. એથી આખું ગામ જ તીર્થભૂમિમાં ફેરવાઈ ગયું છે. આપણા તુલસીદાસ અને અંગ્રેજી કવિ - નાટ્યકાર શેક્સપિયર સમકાલીન હતા. તુલસીદાસની માનસકથા અમર બની ગઈ છે પરંતુ એમના ગામ-ઠામ કે જીવનકવન બાબતે ફક્ત દંતકથાઓ પર આધાર રાખવો પડે છે. નરસિંહ મહેતા તો તુલસીદાસ કરતાં પણ ઘણા વહેલા થયા છે એમનાં પદોમાં એમનું જીવન જરૂર વણાયેલું છે - 'ગિરિવળાટી ને કુંડ દામોદર,ત્યાં મહેતાજી ન્હાવા જાય!' જેવી અદ્દલ સાંકેતિક પંક્તિઓથી આપણે નરસિંહનો પગરવ પારખી શકીએ છી. છતાં એમનું મૂળ ઘર, એમના જીવન સાથે સંકળાયેલી ઘટનાઓ વગેરે ફક્ત દંતકથાઓ બની ગયેલ છે. મેઘાણી તો હજી ગઈકાલે નિર્વાણ પામ્યા હોય એટલા તાજા છે. વળી અન્ય સર્જકોની સરખામણીમાં તેઓ એટલા બધા લોકપ્રિય છે કે જનસાધારણ પણ એમને કોઈને કોઈ રીતે જાણે છે. સદ્ભાગ્યે એમના પરિવારે એમને સતત પૂજ્યા અને પોંખ્યા છે. મહેન્દ્ર મેઘાણીથી લઈ તમામ સુપુત્રોએ પ્રતાપી પિતાને એક યા બીજી રીતે જીવંત રાખવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. પોતે લોકસાહિત્ય સાથે વિશેષ સંકળાયેલા રહ્યા એટલે દુલા કાગથી લઈ આજનો લવરમૂછિયો ચારણ એમને ઉમળકાથી સંભારે છે. એમણે અંગ્રેજી અને બંગાળી કાવ્યો પરથી કરેલ અનુસર્જન મૂળ કરતાં પણ ચડિયાતું લાગે એ બરનું છે. એ માત્ર 'સૌરાષ્ટ્રની રસધાર' લખીને એટકી ગયા નથી. એમને વાર્તા-નવલકથા-કવિતા ઉપરાંત વિવેચનશ્રેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. રવિશંકર મહારાજના જીવનપ્રસંગો 'માણસાઈના દીવા' નામે આલેખ્યા છે. મેઘાણી બહુમુખી પ્રતિભા ધરાવતા પ્રચંડ પુરુષ હતા. પત્રકાર તરીકે 'ફૂલછાબ' ને એમણે જ બહેલાવ્યું અને 'છેલ્લો કટોરો' જેવી કવિતા રચીને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા જઈ રહેલ મહાત્મા ગાંધીને બિરદાવ્યા. એમને ધંધુકાની કોર્ટમાં જજની અનુમતિપૂર્વક 'અમારે ઘર હતાં...' જેવું હૃદયદ્રાવક ગીત રજૂ કરી સૌનાં હૈયાં હચમચાવી નાખ્યાં હતા. પહાડના બાળક તરીકે પોતાને ઓળખાવનાર મેઘાણીનો જન્મ પોલીસલાઈનના સામાન્ય કવાર્ટર્સમાં થયો હતો. ચોટીલાને જન્મસ્થળથી લઈ બગસરા, રાણપુર, ધંધુકા અને બોટાદ સહિતનાં મેઘાણી સ્થાનકોને મેઘાણી સર્કિટ હાઉસ સ્વરુપે વિકસાવી 'લિટરેચર ટુરિઝમ'નું મંગલાચરણ થઈ શકે. સરકારે એ દિશામાં વિચારવા માંડ્યું છે તે જ એક મસમોટું આશ્વાસન છે.

# મોટર વ્હિકલ એક્ટ, ૧૯૮૮ કલમ : ૧૯૦(૨) મુજબ પી.યુ.સી. સર્ટીફીકેટની કાયદેસરતા



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

રોજે રોજ નવા નવા વાહનો માર્કેટમાં આવે છે. જેની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. વાહનોના વપરાશના કારણે નાના-મોટા તમામ શહેરોમાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ વધતું જાય છે. ભારતમાં વાયુ પ્રદુષણને નિયમિત કરવા માટે કાયદા દ્વારા ધારા ધોરણો નક્કી કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૧૫ મુજબ કોઈપણ મોટરમાંથી નિકળતા ધુમાડા અને ગેસ તેમજ સંબંધિત વાહનોના પ્રકાર અને તેમાં વાપરવામાં આવતા બળતણ જેવા કે, પેટ્રોલ, ડિઝલ, સી.એન.જી. તથા એલ.પી.જી. વગેરેને ધ્યાનમાં લઈ ધુમાડો અને તેમાંથી છૂટા પડતા કણોનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. જે મુજબ સરકાર દ્વારા નક્કી થયેલા નિયમ અનુસાર વાહનમાંથી ધુમાડો કે ગેસ નિકળે છે. તેનું પ્રમાણપત્ર જેને સામાન્ય રીતે આપણે પી.યુ.સી. સર્ટીફીકેટ તરીકે ઓળખીએ છીએ.

આવા સર્ટીફીકેટ વાહન ઉત્પાદકો કે રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવેલ હોય તેવી એજન્સીઓ દ્વારા આપવામાં આવે છે. પ્રદૂષણની માત્રા ચકાસણી કમ્પ્યુટરાઈઝ સુવિધા અને પી.યુ.સી. સર્ટીફીકેટ ઘણા પેટ્રોલપંપો કે વર્કશોપ ઉપરથી મળી શકે છે. આ અધિકૃત પોલ્યુશન ચેકીંગ સેન્ટરો ગુજરાતમાં સમગ્ર જગ્યાએ આવેલા છે. હાલમાં ૪૧૫ પેટ્રોલ સી.એન.જી. થી ચાલતા વાહનો માટે અને ડિઝલ માટે ૨૩૧ કેન્દ્રો કાર્યરત છે. જો વાહન નિયમ ભંગ કરતા હોય તો વાહનની જરૂરી માવજત કરાવવાની જરૂરીયાત રહે છે.

પી.યુ.સી. સર્ટીફીકેટ નવા વાહન માટે ૧ વર્ષ પછી બી.એસ.૩ માટે દરેક ૬ (છ) મહિના પછી, બી.એસ.૪ માટ. ૧ વર્ષ પછી સર્ટીફીકેટ કઢાવવું પડે છે.

પી.યુ.સી. સર્ટીફીકેટ માટે પેટ્રોલ/સી.એન.જી., એલ.પી.જી. વાહનો માટે દ્રિચક્રી અને ત્રણ પૈડા વાળા વાહનો માટે ૫૦/-, ચાર પૈડા વાળા વાહનો માટે ૫૦/-, ડીઝલ વાહનો માટે ૧૦૦/- ફી રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ છે.

મોટર વાહન અધિનિયમ ૧૧૬(૧) મુજબ વાહન ચાલક પાસે પોલીસ વિભાગના સબ ઈન્પેક્ટર અથવા આર.ટી.ઓ. ઈન્પેક્ટર દરજજાના અધિકારી ફરજ ઉપર હાજર હોય તે દરમ્યાન વાહનનું પી.યુ.સી. માંગી શકે છે. વાહનનું પી.યુ.સી. પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો ૭ દિવસમાં કઢાવીને રજુ કરવાનું રહે છે. તેવી જ રીતે વાહનમાંથી વધુ ધુમાડો નિકળે છે તેવું પ્રથમ દ્રષ્ટીએ જણાઈ આવે તો ટેસ્ટીંગ એજન્સી પાસે મોકળી પી.યુ.સી. સર્ટીફીકેટ કઢાવવાની ફરજ પાડી શકે છે. આ સિવાય વાહનમાં એન્જીનની ટેકનીકલ ખરાબીના કારણે વધુ પ્રદૂષણ થતું હોય તો તેનું રીપોર્ટ બાદ ઉપયોગમાં લેતા પહેલા પી.યુ.સી. પ્રમાણપત્ર રજુ કરવાનો હુકમ કરી શકે છે.

ચેકીંગ દરમ્યાન પી.યુ.સી. પ્રમાણપત્ર ન હોય તો અથવા નિયમ : ૧૫ માં નિયત કરવામાં આવેલા ધારા ધોરણો કરતા વધુ પ્રદૂષણ વાહન કરતું હોય તો મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ : ૧૯૦(૨) મુજબ પ્રથમ વખત ગુના માટે ૧૦૦૦/- અને ત્યારબાદ બીજા અથવા વધારાના પ્રત્યેક ગુના માટે ૨૦૦૦/- જેટલા દંડની જોગવાઈ છે.

આમ છતાં સર્ટીફીકેટ હોવા છતાં વાહન પ્રદૂષણ કરતુ હોય તો વાહન પી.યુ.સી. સર્ટીફીકેટ રદ કરી શકશે અને આવા વાહન ચાલકને સી.એમ.વી. રૂલ્સ ૧૧૬ અંતર્ગત નવુ પી.યુ.સી. સર્ટીફીકેટ સાત દિવસમાં કઢાવવાનું કહેવામાં આવશે. જેનો અમલ કરવામાં નિષ્ફળ જવાથી મોટર વાહન અધિનિયમની કલમ : ૧૯૧(૨) અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

પોલ્યુશન કંટ્રોલ એક્ટ મુજબ પણ હવામાં, વાતાવરણમાં કોઈપણ વ્યક્તિ દ્વારા બિન જરૂરી ધુમાડો, પ્રદૂષણ ફેલાવવો એ ગુનો બને છે. જે લગત પ્રદૂષણ કંટ્રોલ એક્ટ તથા મોટર વ્હિકલ એક્ટ, ૧૯૮૮ મુજબ ચેકીંગ અધિકારી જે તે વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરનો દંડ વસૂલ કરી શકે છે. અગર તો આવા વાહનો ડિટેઈન પણ કરી શકે છે. ડિટેઈન કરેલ વાહનો નો દંડ કોર્ટ દ્વારા વસૂલ કરવામાં આવે છે અને દંડ ભર્યા બાદ આવા વાહન પરત કરવામાં આવે છે. ભારતીય નાગરીકની સામાન્ય ફરજ છે કે હવાના પ્રદૂષણને ના ફેલાવે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# અંચળો અજ્ઞાનનો ઓઢી, 'જટિલ'! રડતું રહ્યું - બિન્દુએ જાણ્યું નહીં કે એ સ્વયં સાગર હશે

**જે સારું કામ કરે છે એ મંદિરના દ્વાર સુધી પહોંચે છે,**
**જે પ્રેમ કરે છે એ મંદિરના ગર્ભાગાર સુધી.**
**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. સુરેશ દલાલ)**

આજે ૮મી માર્ચ એટલે International Women's Day. આજના દિવસે વિશ્વભરમાં કંઈક નવું, કંઈક નવું, કંઈક સારું, કંઈક ઉપયોગી કરનાર તમામ મહિલાઓને સન્માનવામાં આવે છે. આધુનિકરણ તેમજ Globalization ના કારણે આજના સમયમાં આ પ્રકારના દિવસોને જોરદાર રીતે ઉજવવાનો જાણે એક જુવાળ પ્રગટ્યો છે. ઘણા વર્ષો સુધી, યુગો સુધી સ્ત્રીનું સિંહાસન તેના રસોડામાં જ રહ્યું, તે પોતાની જાતને રસોડામાં જ સીમિત રાખીને પણ ખુશ રહી લેતી. પણ યુગ પલટાયો, સમય બદલાયો અને આજે સ્ત્રીને પોતાની વાત રજૂ કરવાનો, પોતાને મનગમતું કરવાનો હક મળ્યો. જો કે, ભારતના કેટલાક અંતરિયાળ ક્ષેત્રોમાં આજે પણ સ્ત્રીની સ્થિતિમાં વધુ ફેરફાર આવ્યો નથી. પણ એક સારી બાબત ચોક્કસપણે કહી શકાય કે બધી જ જગ્યાએ બધી જ અડચણો વચ્ચે પોતાનો અલગ ચીલો ચાતરનારી એકાદ-બે નારી એવી નીકળી જ આવે છે કે જે તેની આસપાસની સ્ત્રીઓની પરિસ્થિતિને સુધારવાનો પ્રયત્ન કરે !

આપણી આસપાસ રહેલી સ્ત્રીઓ અને તેમની માનસિકતામાં જેમ ફેરફાર થયો છે તેમ જ સમાજનો પણ સ્ત્રી પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો જ છે. વર્ષો સુધી સ્ત્રી એટલે સહન




કરનાર અને કુટુંબના ભલા માટે જ જીવનાર, બીજાને જમાડીને જ જમનાર અને ઘરના તમામ સભ્યોને બધી જ સગવડ કરી આપ્યા પછી વધીઘટી સગવડ પણ સંકોચથી ભોગવનાર બની રહી. સ્ત્રીએ વર્ષો સુધી એકધાર્યા નીરસ કામો અત્યંત રસપૂર્વક તેમજ ખંતથી કર્યા. અને આ તમામ બાબતો છતાં તેના મનમાં અસલામતીનો એક ભય સતત ઝળકતો રહ્યો.



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

પ્રશંસાની વાત તો દૂર રહી; તેના આ કામની નોંધ પણ ભાગ્યે જ લેવાતી. પણ હવે સમય બદલાયો અને સમાજે, દુનિયાએ તેમ જ સ્ત્રીએ પોતે જાતે જ પોતાની ક્ષમતાઓની નોંધ લીધી. પણ 'અતિ સર્વત્ર વર્જયતે' અનુસાર આ અતિરેકના જુવાળે સ્ત્રીના સ્ત્રીત્વને તેમજ તેના મૂળભૂત સ્વભાવને હચમચાવી મૂક્યું છે. જેક ડેન્ટન સ્કોટ લખે છે :

પ્રશંસાના બે બોલ આપણી વાતચીતમાં સોનાની મહોર જેટલા મૂલ્યવાન નીવડતા હોય છે. પ્રશંસા કરનાર અને તે મેળવનાર, બંનેની શોભા વધારે તે પ્રશંસા સાચી. યોગ્ય પ્રશંસા કરવી તે પણ એક કળા છે. આપણામાંથી ઘણા સાચે જ કોઈકની પ્રશંસા કરવા માગતા હોય છે, પણ એમના મોઢામાંથી જે શબ્દો નીકળે છે તે હવામાં લટકતા રહી જાય છે. સાચી પ્રશંસા મુદ્દાસરની હોય છે; એમાં કશું ગોળગોળ નથી હોતું. અને તેમાં વ્યક્તિગત સ્પર્શ હોય છે.

**- જેક ડેન્ટન સ્કોટ (અનુ. મંજરી મેઘાણી)**

આજની સ્ત્રી એ સાચા અર્થમાં પોતાનું મહત્ત્વ અને અસ્તિત્વ દુનિયાને બતાવી શકી છે ત્યારે આ બધુ કરવામાં તેનામાં રહેલી સંવેદનશીલતા અને ઋજુતા ન મરી પરવારે તેનું તેણે ખાસ ધ્યાન રાખવું પડશે. પોતાને મળેલા આ ખાસ મહત્ત્વને તે ગામડાની કે અન્ય હજુ પછાત સ્થિતિમાં રહેલી બહેનો સુધી પહોંચાડી શકશે તો સાચા અર્થમાં 'Women's Day' ની ઉજવણી થઈ શકશે!

Last Seen :

**અંચળો અજ્ઞાનનો ઓઢી, 'જટિલ'! રડતું રહ્યું**
**- બિન્દુએ જાણ્યું નહીં કે એ સ્વયં સાગર હશે.**
**'જટિલ' વ્યાસ**

- nehalgadhavi101@gmail.com

# મહિલાઓને રોજગારી સાથે આત્મ વિશ્વાસ આપતી પાટણની સંસ્થાઃ કનાસા કલ્યાણ કેન્દ્ર



**નવી સવાર**
**રમેશ તન્ના**

આજે વિશ્વ મહિલા દિવસના પ્રસંગે મહિલાઓને રોજગારી સાથે આત્મ વિશ્વાસ અને આત્મ સન્માન આપતી પાટણની એક અનોખી સંસ્થાની વાત કરીએ.

ગુજરાતનાં નગરોમાં નાની નાની કેટલીક સામાજિક અને રચનાત્મક સંસ્થાઓ ખૂબ જ સુંદર કાર્ય કરી રહી છે. પાટણમાં પણ એક છે આવી સંસ્થા. તેનું નામ છે કનાસા કલ્યાણ કેન્દ્ર. પાટણના ત્રણ દરવાજા નજીકના વિસ્તારમાં આ સંસ્થા ૧૪ વર્ષથી કામ કરે છે. પાટણમાં સ્થાનિક લોકોને રોજગારી મળે, મહિલાઓ આત્મનિર્ભર થાય, તેમનું જીવન ધોરણ ઊંચું આવે અને તેઓ પોતાનાં સંતાનોને ભણાવી શકે તે હેતુથી આ સંસ્થા ચાલી રહી છે.

આ સંસ્થામાં ૪૦ જેટલી મહિલાઓ અને અન્ય ૧૦ વ્યકિતને રોજગારી આપવામાં આવે છે. અહીં ખાખરા, પાપડ, સીંગ-ચીકી, મીઠાઈ, વિવિધ જાતના મસાલાઓ, મગદળ, દેવડા, સાલમપાક, બરફી, ચુરમાના લાડુ વગેરે બનાવવામાં આવે છે.



મહિલાઓને આ માટે ખાસ તાલીમ આપવામાં આવી છે. દરેકની વાનગીની બનાવટમાં કોઈ બનાવટ કરાતી નથી, એકદમ શુદ્ધ ચીજવસ્તુઓ વાપરવામાં આવે છે.

સંસ્થાના મુંબઈસ્થિત પ્રમુખ શ્રી પંકજભાઈ શાહ કહે છે કે અમને આનંદ છે કે અમે વર્ષોથી સ્થાનિક મહિલાઓને રોજગારી આપી શક્યા છીએ. એટલું જ નહીં, અહીં આરોગ્યને ફાયદો કરાવે તેવી ગુણવત્તા યુક્ત ચીજવસ્તુઓ બને છે જેનો સમાજના લોકો લાભ પણ લઈ શકે છે. મહિલાઓને રોજગારી મળતાં તેઓ પગભર થયાં છે, પોતાનાં સંતાનોને ઉત્તમ શિક્ષણ આપી શક્યા છે અને તેમનું જીવનધોરણ પણ ઊંચું આવ્યું છે.

શ્રી પંકજભાઈ ઉત્સાહ, આનંદ, ગૌરવ અને સંતોષ સાથે સંસ્થાની વાત કરે છે. તેઓ કહે છે કે લોકડાઉનમાં અમે અમારા મુંબઈના સભ્યોને નિયમિત રીતે ખાખરા સહિતની ચીજવસ્તુઓ પહોંચાડી શક્યા તેનો અમને આનંદ છે. પંકજભાઈ કહે છે કે, અમે ૮૦૦ જેટલા સભ્યો બનાવ્યા છે. દરેક સભ્ય એડવાન્સમાં ૨૫૦૦ રુપિયા આપી દે છે. દર બે મહિને ખાખરા સહિતનું પેકેટ ઘેર બેઠાં દરેક સભ્યોને મળી જાય છે. અમે હોમ ડિલિવરી કરાવ્યા છીએ. આમ તો મુંબઈમાં એક જગ્યાએ જ કનાસા કલ્યાણ કેન્દ્રનું કાર્યાલય છે, પરંતુ કુલ ૧૨ જગ્યાએ ફ્રેન્ચાઈઝી આપવી પડી છે. મુંબઈમાં ગોરેગાંવ, કાંદિવલી, મલાડ, બોરિવલી, સાંતાક્રુઝ, પાર્લા, ચોપાટી, હાજી અલી અને સી પી ટેક્ર વિસ્તાર, ગ્રાન્ટ રોડ, મુંબઈ સેન્ટ્રલ વગેરે વિસ્તારોમાં જયાં જયાં ગુજરાતીઓ રહે છે ત્યાં ત્યાં આ બધી વસ્તુઓ પહોંચાડવામાં આવે છે.

અહીં કુલ ૫૦ વ્યક્તિને રોજગારીનો લાભ મળે છે. સંસ્થામાં મુંબઈના ટ્રસ્ટીઓ છે તો સ્થાનિક પાટણના પણ ટ્રસ્ટીઓ છે. સંસ્થાના મૂળ સ્થાપક શ્રી ભરતભાઈ શાહની મહેનતથી આ સંસ્થાનો પ્રારંભ થયો હતો, ત્યારે થોડી તકલીફ લાગતી હતી, પરંતુ હિંમત હાર્યા વગર બધા જ ટ્રસ્ટીઓએ કામ ચાલુ રાખ્યુ જેનાં ફળ આજે મળી રહ્યાં છે.

એક ખાસ વાત નોંધવા જેવી છે. રોજગારી માત્ર જૈન બહેનોને જ આપવામાં આવે છે તેવું નથી. કોઈ પણ જ્ઞાતિની બહેનોને રોજગારી આપવામાં આવે છે. સંસ્થા ઉદાર રીતે કામ કરતી મહિલાઓનાં જીવનનું પણ ધ્યાન રાખે છે. મહિલાઓને કોઈ પણ પ્રકારની તકલીફ પડતી હોય તો સંસ્થા માનવતાની રૂએ તરત સહયોગ કરે છે.

સંસ્થાના સંચાલકો ગુણવત્તામાં સહેજ પણ બાંધછોડ કરતા નથી. પૈસા કમાવવાનો હેતુ નથી તેથી ગુણવત્તા સાચવી રાખવામાં આવે છે. સંસ્થાએ લોકડાઉનમાં સમાજ ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ પણ કરી હતી.

મહિલાઓને જ્યારે રોજગારી આપવામાં આવે છે ત્યારે ઘણું ઉત્તમ કામ થતું હોય છે. સંસ્થાના સ્થાનિક ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ શાહ અને શ્રી વિક્રમભાઈ શાહ કેન્દ્રનું સંચાલન કુશળતાથી કરે છે. સ્થાનિક સંચાલકો હિનાબહેન શાહ, દિનેશ શાહ વગેરે ઉત્સાહથી કામ કરે છે. માનવીય અભિગમ સાથે સંસ્થા ચલાવવામાં આવે છે. સંસ્થા દ્વારા તૈયાર થતી સામગ્રી પાટણ ઉપરાંત મુંબઈ, સુરત, ગાંધીનગર અને છેક અમેરિકા સુધી પણ જાય છે.

કનાસા કલ્યાણ કેન્દ્ર મોહલ્લા ના ત્રણ દેરાસરના સાધારણ ખાતા, જીવદયા, પાઠશાળા, સફાઈ, ઉપાશ્રય, કેન્દ્ર માં કામ કરનારનો વીમો ઈત્યાદિમાં પોતાનું યોગદાન પણ આપે છે.

પાટણના પટોળાં વિશ્વમાં ક્યાં ક્યાં જાય છે તેની તો ખબર નથી, ખાખરા મુંબઈમાં નિયમિત જાય છે અને હોંશે હોંશે ખવાય છે.

આવી નાની નાની સંસ્થાઓ સમાજને સ્વસ્થ રાખવામાં ઘણી મદદ કરતી હોય છે. આ સંસ્થા વિશે વધારે માહિતી મેળવવી હોય તો આપ મુંબઈસ્થિત પ્રમુખ પંકજભાઈનો સંપર્ક કરી શકો છો. તેમનો સંપર્ક નંબર ૯૮૨૦૩૨૨૬૪૮ છે.

**છાંયડો:**

**નાનું એટલું સારું. જો ગુજરાતનાં નગરોમાં મહિલાઓ માટે આવાં સ્વ રોજગારીનાં અનેક કેન્દ્રો ખુલે તો ગુજરાત ખરા અર્થમાં આત્મનિર્ભર બને. એના માટે મોટાના મોહમાંથી બહાર આવવું પડે.**